લોકો તેમના જીવનકાળ દરમિયાન તેમના દેહનુ દાન કરવાનું નક્કી કરી શકે છે અને તેમની એ ઇચ્છા તેમના પરિવારજનોને જણાવી શકે છે.
અંગો કે ટીસ્યુનું દાન માત્ર રોગનિવારક હેતુઓ માટે જ થાય છે અને શિક્ષણ કે સંશોધન હેતુ માટે નહીં. કેટલાક ઉદાર દાતાઓના શરીરમાંથી અંગો/ કોષો મેળવાયા પછી, તેમનો મૃતદેહ તેમના પરિવારજનોને સંપૂર્ણ સન્માન સાથે તેમની અંતિમક્રિયા માટે પરત આપવામાં આવે છે.

## અંગદાન - હોસ્પિટલમાં કે ઘરે ?

અંગ દાન માત્ર ત્યારે જ શક્ય છે જ્યારે દર્દીનુ આઈ.સી.યુ.માં મૃત્યુ થાય છે અને તેને બ્રેઇન સ્ટેમ ડેડ જાહેર કરેલ હોય. જો ઘરે મૃત્યુ થાય તો કોઈ મહત્વના અંગને ઘરેથી પ્રાપ્ત કરી શકાતા નથી. જો કે, કોર્નિયા (આંખ) અને ત્વચા ચોક્કસ સમય મર્યાદામાં, વ્યક્તિનું ઘરે મૃત્યુ થયું હોય તો પણ મેળવી શકાય છે.


## તમે કેવી રીતે અંગદાન વધારવા માટે મદદ કરી શકો?

અંગ દાતા બનીને અને તમારા પરિવારને તમારા અન્યના જીવનને બચવવા માટેના નિર્ણયને તમારા પરિવારને જણાવી શકો છો.

કામકાજના સ્થળો, તમારા ધાર્મિક સ્થળે તમારા સમુદાયને તમારા શહેરની સંસ્થાઓને દાન માટે પ્રોત્સાહિત કરીને

**"ઘણા સર્વેક્ષણ દર્શાવે છે કે ભારતમાં અવયવોની ઉપલબ્ધતાને લીધે લાખ લોકો મૃત્યુ પામે છે અને લોકો અંગની રાહ જોતા મૃત્યુ પામે છે. દર વર્ષે મૃત દાન કરનારાઓમાંથી ફક્ત હજાર ટ્રાન્સપ્લાન્ટ જ ઓછા કરવામાં આવે છે. તમારા અંગોને દાન આપવા અને લોકોને તેમના અંગો દાન કરવા માટે વિનંતી કરીને ઉમદા પ્રયત્નોમાં જોડાઓ જેથી કોઈ અન્યને જીવવાની બીજી તક મળી શકે."**

## અંગો અને કોષો કે જે દાન કરી શકાય છે




*"તમે કોઈનું જીવન બદલવા માટેની ક્ષમતા સાથે જન્મેલા છો. તેને બગાડશો નહીં."*

વધુ માહિતી માટે કોલ કરો
**079-66770000**

KD Hospital™
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

**Kusum Dhirajlal Hospital**
Vaishno Devi Circle, S.G. Road, Ahmedabad - 382421

KD Hospital™
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ



# અંગદાન કરો જીવન બચાવો

**Emergency +91 79 6677 0001**

www.kdhospital.co.in   KDHospitalOfficial   KD Hospital

Website : www.kdhospital.co.in

**"એક દાન કરનાર અંગના દાન દ્વારા 8 જીવન સુધી બચાવી શકે છે અને પેશીઓ દાન દ્વારા 100 થી વધુ જીવનને બચાવી શકે છે અથવા તેને સાજા કરી શકે છે."**

## અંગદાન

અંગદાન એ ઉમદા કાર્ય છે જે મૃત્યુ પછી જીવન બચવવાની તક આપે છે. અંગ એ શરીરનો હિસ્સો છે કે જે કોઇ ચોક્કસ કાર્ય કરે છે જેમકે હૃદય, ફેફસાં, કિડની, લિવર, પેન્ક્રિયાઝ, આંતરડા વગેરે. અનેક દર્દીઓ માટે કે જેઓ વિવિધ અંગોના અંતિમ તબક્કાના રોગોનો સામનો કરતાં હોય છે તેઓ માટે અંગદાન જ એક માત્ર આશાનું કિરણ હોય છે. દાન કરાયેલા અંગોને આ દર્દીઓમાં રોગનિવારક હેતુઓ માટે ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે.

## ટીસ્યુ દાન

ટીસ્યુ એ માનવ શરીરમાં અમુક ચોક્કસ કામ કરતાં કોષોનો સમૂહ હોય છે, જેમ કે કોર્નિયા (આંખ), અસ્થિ, ત્વચા, હૃદયના વાલ્વ, બ્લડ વેસલ્સ નવર્સ અને ટેન્ડન વગેરે. વિવિધ પ્રકારના ટીસ્યુના પ્રત્યારોપણથી ઘણા લોકોની જીવનની ગુણવત્તા સુધરી શકે છે.

## અંગદાનના વિવિધ પ્રકારો

### ૧. જીવંત અંગદાન

વ્યક્તિ કે જે ૧૮ વર્ષથી ઓછી વયની ન હોય, તે પોતાના જીવન દરમિયાન સ્વૈચ્છિક રીતે દેશના કાયદા અંતર્ગત રહીને રોગનિવારક હેતુઓ માટે સ્વૈચ્છાએ અંગો કાઢવા માટે અધિકૃતતા આપી શકે છે. તે/તેણી એક કિડની (દાતા માટે અન્ય કિડની પૂરતા પ્રમાણમાં કામ આપતી હોય તો), લિવરનો અમુક હિસ્સો (લિવરનો અમુક ભાગ કે જે થોડા સમયમાં તે મેળવનાર અને દાતા એમ બંનેમાં ફરી વિકાસ પામે છે) અને પેન્ક્રિયાઝનો હિસ્સો (પેન્ક્રિયાઝનો અડધો ભાગ કે જે પેન્ક્રિયાઝની કામગીરી કરે) દાન કરી શકે છે.

જીવંત અંગદાનના પ્રકારો

**એ** - નજીકના સંબંધિત દાતાઓ
**બી** - નજીકના સંબંધિત દાતાઓ
**સી** - સ્વેપ (એસડબલ્યુ એપી) દાતાઓ

### ૨. મૃતકોના અંગોનું દાન

એવી વ્યક્તિ કે જે કોઇપણ વયની હોય તે બ્રેઇન સ્ટેમ ડેમડ / હાર્ટ એટેકના કારણે મૃત્યુ પામે છે તેમના વિવિધ અંગો/કોષો દાન કરી શકે છે અને અનેક દર્દીઓને જીવન આપી શકે છે. નજીકના સંબંધીઓ કે વ્યક્તિની સંમતિ મૃતદેહનો કાયદાકીય કબજો મેળવવા માટે જરૂરી હોય છે. જો મૃત દાતા ૧૮ વર્ષથી નીચેની વયનો હોય ત્યારે તેના વાલીઓમાંથી કોઇ એકની સંમતિ કે અન્ય કોઇ નજીકની વ્યક્તિ કે જેને વાલીઓએ અધિકૃત કરી હોય તેની સંમતિ હોવી જરૂરી છે. દાન માટે તબીબી યોગ્યતા દૃઃખદ અવસાન વખતે નક્કી કરવામાં આવે છે.

## મિત્ર કે અન્ય કોઈ નજીકના સંબંધી પાસેથી અંગ મેળવી શકાય ?

હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન એક્ટ અનુસાર, કોઈપણ જીવિત વ્યક્તિ કે જે નજીકના સંબંધી ન હોય તે પણ સંવેદનાત્મક ધોરણે અને અંગ પ્રાપ્ત કરનાર કે અન્ય કોઇ ખાસ કારણ માટે અંગ દાન કરી શકે છે. આવા કેસોને હોસ્પિટલની ઓર્થોરાઇઝેશન કમિટી અનુમતિ આપતી હોય છે, જે હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ થતું હોય છે. ઓર્થોરાઇઝેશન કમિટીની સંમતિ તમામ એવ કિસ્સામાં કે જેમાં સંબંધી હોય તો પણ ફરજિયાત છે. જો હોસ્પિટલમાં આવી કોઇ ઓર્થોરાઇઝેશન કમિટી ન હોય તો તેણી અનુમતિ સંબંધિત જિલ્લા કે રાજ્ય સ્તરની ઓર્થોરાઇઝેશન કમિટી પાસેથી લેવાની રહે છે.

## ટ્રાન્સપ્લાન્ટેશન (પ્રત્યારોપણ)

ટ્રાન્સપ્લાન્ટેશન એ એક વ્યક્તિમાંથી અંગ સર્જીકલ રીતે કાઢીને અન્ય વ્યક્તિમાં પ્રત્યારોપિત કરવાની ક્રિયા છે. ટ્રાન્સપ્લાન્ટેશન એવા સમયે જરૂરી છે જ્યારે મેળવનારનું અંગ નિષ્ક્રિય થયું હોય કે કોઇ બીમારી કે ઇજાના કારણે ક્ષતિગ્રસ્ત થયું હોય.

## કઇ રીતે ઝડપથી દાન કરાયેલ અંગ ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય

સ્વસ્થ અંગો શક્ય એટલી ઝડપથી ટ્રાન્સપ્લાન્ટ કરવા જોઇએ. વિવિધ અંગો કે જેને ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય તેની વિવિધ આવર્દા નીચે મુજબ છે.

- હૃદય ૪-૬ કલાક
- ફેફસાં ૪-૮ કલાક
- આંતરડા ૬-૧૦ કલાક
- લિવર ૧૨-૧૫ કલાક
- પેન્ક્રિયાઝ ૧૨-૨૪ કલાક
- કિડની ૨૪-૪૮ કલાક

## બ્રેઇન સ્ટેમ ડેથ (બી.એસ.ડી)

બ્રેઇન સ્ટેમ એ મગજનો મહત્વનો હિસ્સો છે જે જીવંતતા આપે છે. બ્રેઇન સ્ટેમ ડેડ વ્યક્તિ અજાગૃત, નિર્ભર દર્દી હોય છે જે પોતાની જાતે શ્વાસ લઈ શકતો નથી કે શ્વાસ બહાર કાઢી શકતો નથી, આમ છતાં તેના ધબકારા, બ્લડ પ્રેશર અને જીવંત હોવાના અન્ય સંકેતો તેમાં જોઇ શકાય છે. બ્રેઇન સ્ટેમની કામગીરી બંધ થવી એ મૃત્યુનો સંકેત છે અને બાકીનું શરીર પછી જો વેન્ટિલેટર ચાલુ રાખવામા આવે તો તે કાર્યરત રહે છે.
કોમના દર્દીઓ અને બ્રેઇન ડેડ વ્યક્તિઓમાં ફરક છે. કોમા દર્દીઓ મૃત નથી હોતા જ્યારે બ્રેઇન ડેડ એ કોમાનું તેમાંથી બહાર ન આવી શકાય એવું સ્ટેજ છે, જેમાં વ્યક્તિ જાગૃત થતો નથી કે શ્વસન કરી શકતો નથી. હૃદય વેન્ટિલેટરના કારણે થોડા કલાકો સુધીથી લઇને થોડા દિવસો સુધી કાર્યરત રહી શકે છે અને એ સમય દરમિયાન એ દર્દીના નજીકના સગાસંબંધીઓની સંમતિથી તેના અંગો મેળવી શકાય છે.
અંગો ક્યારેય દાતાના જીવનનો અંત આણીને લેવામાં આવતા નથી.

## બ્રેઇન સ્ટેમ ડેથની ઘોષણા

બ્રેઇન સ્ટેમ ડેથ કમિટી ધ્વારા થાય છે જેમાં સરકાર ધ્વારા માન્ય ચાર ડૉક્ટરો સામેલ હોય છે અને તેઓ ટ્રાન્સપ્લાન્ટ સર્જરીમાં સામેલ હોતા નથી. ટીમ છ કલાકના અંતરાયમાં બે વખત બ્રેઇન સ્ટેમ ડેથ ટેસ્ટ કરે છે. આ મૃત્યુ થયાનું એવી હોસ્પિટલ જ ઘોષિત થાય છે જ્યાં અંગો મેળવવા કે ટ્રાન્સપ્લાન્ટ કરવાના હોય. મહત્વના અંગોને માત્ર વ્યક્તિને બ્રેઇન સ્ટેમ ડેથ જાહેર કરાયા પછી જ મેળવવામાં આવે છે.

## દાતાની પ્રતિજ્ઞાની પ્રક્રિયા

તમે ઓથોરાઇઝ્ડ અંગ દાન કે ટીસ્યુ દાન માટે ફોર્મ (ફોર્મ - ૭ ટીએચઓએ) પ્રમાણે તમારી ઇચ્છા વ્યક્ત કરી શકો છો.

## દેહદાન અને અંગદાન

દેહદાન એ તબીબી શિક્ષણ કે સંશોધન માટે કોઇના મૃત્યુ પછી વ્યક્તિના દેહનુ દાન આપવાની ક્રિયા છે અને તે એનેટોમી એક્ટ, ૧૯૪૯ અંતર્ગત થઇ શકે છે. દાન કરાયેલ શરીર એનેટોમીસ્ટ્સ માટે મુખ્ય શૈક્ષણિક સાધન બને છે, મેડિકલ એજ્યુકેટર્સ સમગ્ર એનેટોમીનુ શિક્ષણ આપે છે તેમાં ઉપયોગી થાય છે અને સંશોધન માટે ઉપયોગમાં લેવાય છે.